L09003631269
Sender Name: ED (Post-Alt)
Received Date: 04/04/2020

ક્રમાંક:જીઆઈડીસી/વ.ક./પો.વિ./
જીઆઈડીસી,
ગાંધીનગર
તારીખ: ૦૩/૦૪/૨૦૨૦

**વિષય: નિગમ ધ્વારા જારી કરવામાં આવેલ કામચલાઉ શરતી હુકમની પૂર્તતાની સમય મર્યાદા વધારવા બાબત.**

**// પરિપત્ર //**

નિગમ ધ્વારા પ્લોટ વિતરણ કર્યા અને ફાળવણીદાર ધ્વારા કબજો સંભાળ્યા બાદ મળતી વિવિધ અરજીઓ જેવી કે, તબદીલી, પેટા વિભાજન, એકત્રીકરણ, પેટાભાડા, આર.ઓ.યુ. વિગેરે અન્વયે નિગમ ધ્વારા પ્રથમ કામચલાઉ શરતી હુકમ જારી કરવામાં આવે છે. જેની ફાળવણીદારે દિન–૩૦ માં શરતી હુકમની શરતોની પૂર્તતા કરવાની હોય છે. પરંતુ પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઈ, નિગમ ધ્વારા પ્લોટ વિતરણ કર્યા અને ફાળવણીદાર ધ્વારા કબજો સંભાળ્યા બાદ મળતી અરજીઓ અન્વયે કામચલાઉ શરતી હુકમની પૂર્તતા કરવા બાબતે નીચે મુજબની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે છે.

- જે કિસ્સાઓમાં તારીખ:૧૫.૦૨.૨૦૨૦ અને ત્યારબાદ કામચલાઉ શરતી હુકમ જારી કરવામાં આવેલ હોય અને ફાળવણીદાર ધ્વારા કામચલાઉ શરતી હુકમ પૂર્તતા કરવામાં આવેલ ન હોય તેમજ હવે પછી જારી થતા કામચલાઉ શરતી હુકમના કિસ્સાઓમાં શરતી હુકમની પૂર્તતા શરતી હુકમના દિન–૩૦ કે તારીખ:૩૦.૦૬.૨૦૨૦ (જે મોડુ હોય તે) સુધીમાં પૂર્તતા કરી શકશે.

**કાર્યપાલક નિયામક(પોસ્ટ વિતરણ)**
**જીઆઈડીસી, ગાંધીનગર**

**પ્રતિ,**
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ... તરફ જાણ તથા કાર્યવાહી સારૂ.

**નકલ રવાના:**
મેનેજરશ્રી(એસ એન્ડ એ), જીઆઈડીસી, ગાંધીનગર... તરફ જાણ તથા નિગમની વેબ–સાઈટ ઉપર મુકવા સારૂ.

Scanned with CamScanner